# BUSINESS મિત્ર Plus

## સોનામાં ચીનની સતત ખરીદીને પગલે તેજીનું સોલિડ કમબેક- ચાંદીમાં પણ મજબૂત રીકવરી




સોનામાં ચાઈના સેન્ટ્રલ બેન્કની ખરીદી સતત 21 મહીને પણ વધતા અને તાજેતરના સોનાના કરેકશનમાં ચીનની સોનાની ખરીદીમાં માર્જિનલ વધારો ચાલુ રહેતા સોનાચાંદીમાં સુધારો આગળ વધ્યો હતો. ચાંદીમાં તેમજ પ્લેટિનમ અને પેલેડિયમમાં પણ મજબૂતાઈ હતી. ઈરાન-અમેરિકા વોર એક ફ્રોઝન કોન્ફલિકટ બની રહી છે. હોરમુઝ ખોલવાના મામલે ઈરાન મચક આપતુ નથી. ટ્રમ્પની દરેક ધમકીના પ્રત્યાઘાતમાં ગલ્ફમાં અમેરિકી સહયોગીઓના જહાજો પર હુમલા વધ્યા છે. હોરમુઝમાં ગયા મહીને 26 જહાજો પસાર થયા હતા, ચાલુ મહીને 13 જહાજો નીકળ્યા છે. બ્રેન્ટ ક્રુડ તેલ 88 ડોલર આસપાસ ટકેલું છે, યુરોપ ડિઝલના ભાવ 1190 યુરો પર ટન પર મજબૂત છે. રશિયા-યુક્રેનમાં વોર વકરી છે અને બ્લેક સી શીપીંગ ડિસરપ્શન 2027ના આરંભે ફ્યુલ અને ફુડનો ટ્વિનશોક લાવે તો નવાઈ નહી.

અમેરિકામાં રિટેલ સેલ્સ અને કન્ઝ્યુમર કોન્ફિડન્સ ડેટા નબળો આવતા ફેડની સપ્ટેમ્બર બેઠકમાં વ્યાજદર નહી વધે એવી આશાએ અમેરિકી શેરબજારમાં નવા ભાવ થયા હતા. ટેક શેરોમાં ઉછાળો પચાવાઈ રહ્યો છે. એન્થ્રોપિક, ઓપન એઆઈ જેવી લીડીંગ એઆઈ કંપનીઓમાં શાનદાર પરિણામો અને એનવીડીયાએ 500 અબજ ડોલર જેવા કેપિટલ સ્પેન્ડિંગ પ્લાનના સંકેતો આપતા ચિપ્સ-મેમરી અને ઈમર્જિંગ એશિયાના હાઈ ટેક બજારો કોરિયા-તાઈવાન- જાપાનમાં તેજીનું જાનદાર કેમબેક થયું છે.

ઘરઆંગણે નિફટી 24000-24200ની રેન્જમાં સ્ટેબલ થયો છે. શેરબજારોમાં સતત 18 માસથી નિયમોમાં કોઈને કોઈ બદલાવો આવ્યા કરે છે, વીકલી એકસપાયરીથી માંડીને ઈન્ટ્રાડે પોઝિશન લીમીટ, અપફ્રન્ટ પ્રિમિયન કલેકશન અને એસટીટીમાં વદદા જેવા કારણોસર કામકાજમાં ભારે ઓટ આવી છે. કેશ સેગમેન્ટમાં ડિપ

**બિરેન વકીલ**

બાયર્સ, ફેમીલી ઓફિસ, હાઈ નેટ વર્થ રોકાણકારો, મ્યુ ફંડઝ વગેરે સેકટોરલ રોટેશનમાં બારગેન બાયર છે. આઈટી સ્પેસમાં તાજેતરના ઘટાડા પછી લાર્જ કેપ આઈટી શેરોમાં કોન્ટ્રારિયન બાઈંગ દેખાય છે. જૂનમાં વરસાદની મોટી ખાધ હતી તે જૂલાઈમાં ઘટી અને હવે ઓગષ્ટમાં કદાચ મામુલી ખાધ રહેશે એ જોતા અનાજની મોંઘવારીની ચિંતા હાલ પુરતી ટળી છે. હોરમુઝ ખુલે તો ઈંધણ-રાંધણગેસની મોંઘવારી મામલે પણ દિવાળી સુધરી જાય. એકંદરે બજારોમાં હાલ મૂડ અન માહોલ અચોકકસ છે. વૈશ્વિક બજારોમાં એઆઈ-બીગટેક અને ગ્લોબલ માઈંગ સેકટર- ડિફેન્સની આગેવાનીએ અમેરિકા- યુરોપ-જાપાનમાં સિલેકટ

**એઆઈ કંપનીઓના અપબીટ પ્રોફિટ ગાઈડન્સ- ચોમાસુ સક્રિય થતાં તહેવારોની માગમાં ચમકારો**


લાર્જ કેપ શેરોમાં તેજી છે. અમેરિકામાં ઓગષ્ટની આખરમાં જેકસન હોલ મીટીંગમાં ફેડ ગ્લોબલ મેક્રો પરિબળો તેમજ અમેરિકી આર્થિક સંજોગો પર વૈશ્વિક બેન્કરો તેમજ પસંદગીના આમંત્રિત વિદ્વાનો સાથે ગોષ્ઠી કરશે. જગત આખાના હેજફંડો કે બેન્કરો આ મીટીંગની પ્રતિક્ષામાં હોય છે. દરમિયાન જૂલાઈમાં અમેરિકાની વેપારખાધ 400 અબજ ડોલર થઈ ગઈ છે. ટ્રેઝરી વિભાગે 30 વરસના બોન્ડનું ઓકશન કર્યું એમાં કટ ઓફ યિલ્ડ 5.214 ટકા છે જે 25 વરસનો હાઈ યિલ્ડ છે. અમેરિકાના વધતા જતા દેવા-ખાધના કારણે રોકાણકારો રિસ્ક પ્રિમિયમ માગી રહ્યા છે. બુલિયન બજારોની વાત કરીએ તો ડોલરમાં નરમાઈ તેમજ અમેરિકામાં નવેમ્બર માસમાં મીડ ટર્મ ચૂંટણી અગાઉ ઈરાન વોર- રશિયા-યુક્રેન વોર, મોંઘવારી -પેટ્રોલના ઉંચા ભાવ વગેરે બાબતો પ્રમુખ ટ્રમ્પના રેટિંગ પર સતત દબાવ લાવી રહ્યા છે. વોર કમ પોલીટીકીલ રિસ્ક પ્રિમિયમને કારણે પણ ડોલર કમજોર થયો છે. સોનામાં તેજીનું શાનદાર કમબેક થયું છે. લંડન સોનું જૂનમાં 3944 ડોલર થુ હતુ તે ગત સપ્તાહે 4444 ડોલર થઈ ગયુ હતું. ઘટયા ભાવથી 500 ડોલર વધ્યા છે. ચાંદી પણ 55 ડોલરના વચગાળાના બોટમથી વધીને 66 ડોલર થઈ છે. સ્થાનીક બજારમાં રૂપિયાની નરમાઈ વત્તા ડ્યુટીની અસરને કારણે જાન્યુઆરીમાં એમસીએકસ સોનું 129000 હતું તે હાલ 155000 આસપાસ ચાલે છે. ચાંદી 201000થી વધીને 237000 થઈ ગઈ છે. સોનું સામાન્ય રીતે વરસના સેકન્ડ કવાર્ટરમાં એન્યુઅલ બોટમ અને થર્ડ કવાર્ટર કે અર્લી ફોર્થ કવાર્ટર યાની સપ્ટે-ઓકટોબરમાં યર્લી ટોપ બનાવતું હોય છે. બજારોમાં આગળ પર તહેવારોની ઘરાકી કેવી રહે એના પર ઝવેરી બજારની નજર છે.

બેઝ મેટલ્સમાં કોપર અને ઝિંકમાં બજારો મજબૂત છે. કાસ કરીને લંડન હાજર કોપર અને હાજર ઝિંકમાં ઉંધા બદલા જોતા માલની શોર્ટેજ છે. કોપરમાં એઆઈ ડિમાન્ડ તેમજ ટેરિફની અચોકકસતાથી બજાર નર્વસ છે. એલ્યુમિનીયમમાં ધીમો ઘસારો છે. ચીનમાં હાઉસીંગ સેકટરની મંદી, ઓટો સ્લોડાઉનને કારણે એલ્યુમાં ઉંચા ભાવે ડિમાન્ડમાં રુકાવટ આવી છે. ટીનમાં ધીમી પણ મકકમ તેજી જળવાયેલી છે.

ક્રુડઓઈલમાં એમસીએકસ ક્રુડ 7500-8400ની રેન્જમાં અથડાયેલું છે. નાયમેકસ ઓકટોબર ક્રુડ 77-92 ડોલરની રેન્જમાં અથડાયેલુ છે. 3-4 મહીનાની રેન્જ જોઈએ તો ક્રુડ 80-120 ડોલર વચ્ચે સ્ટેબલ થવાની શકયતા દેખાય છે. એમસીએકસ ગેસમાં પણ 240-250 બોટમ એરિયા દેખાય છે. વધઘટે 320-340 થવાની શકયતા છે.

કરન્સી બજારોમાં રૂપિયો 95-95.70 વચ્ચે સિમિત દાયરામાં અથડાઈ ગયો છે. ફોરેકસ રિઝર્વ 692 અબજ ડોલર જેવી સાનુકૂળ સ્થિતીમાં છે. ફોરિન રેમીટન્સ, એફડીઆઈ, એફઆઈઆઈ ઈન્ફલો અને ગ્રામ્ય અર્થતંત્રમાં મજબૂત ડિમાન્ડ જોતા મેક્રોફંડામેન્ટલ સાબુત દેખાય છે. વોર-વેધર- વૈશ્વિક રાજકીય અચોકકસતા વચ્ચે પણ રૂપિયો મકકમ છે. ઈરાન-રશિયા યુધ્ધવિરામ આવે તો ભારતીય રૂપિયો અને શેરબજારમાં મોટો અણધાર્યો ઉછાળો આવી શકે. નેગેટિવ કારણો લગભગ ડિસ્કાઉન્ટ થઈ ગયા છે.

## ભારતની ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં એક દાયકામાં જંગી વધારો



ભારતની ઈલેક્ટ્રોનિક્સ નિકાસ દસ વર્ષ જેટલા સમયગાળામાં 11 ગણાથી વધુ વધીને નાણાકીય વર્ષ 2025-26માં રૂ. 4.24 લાખ કરોડ પહોંચી ગઈ છે. સરકારી પ્રોત્સાહનો અને સ્થાનિક સપ્લાયર્સના વિસ્તરણના ટેકાથી મોબાઈલ ફોન ઉત્પાદન મુખ્ય ચાલક બળ રહ્યું છે. સમગ્ર ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં હવે મહિલાઓ કુલ કાર્યબળના લગભગ 30% હિસ્સો ધરાવે છે. સરકારી ડેટા દર્શાવે છે કે ઈલેક્ટ્રોનિક સામાન ભારતની ત્રીજી સૌથી મોટી નિકાસ શ્રેણી બની ગઈ છે. નાણાકીય વર્ષ-25 માં નિકાસનું મૂલ્ય 47.96 ડોલર હતું. એક દાયકા જેટલા સમયગાળા દરમિયાન ઈલેક્ટ્રોનિક્સ નિકાસ રૂ. 38,000 કરોડ પરથી વધીને રૂ. 4.24 લાખ કરોડ થઈ ગઈ છે. મોબાઈલ ફોનની નિકાસમાં પણ તીવ્ર વધારો થયો છે, જે રૂ. 2.59 લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે. આ ઉદ્યોગે આશરે 12 લાખ રોજગારીનું સર્જન કર્યું છે, જેમાં મોબાઈલ નિર્માણમાં મહિલાઓનો હિસ્સો લગભગ 70% જેટલો છે. આ વૃદ્ધિને પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) સ્કીમ, ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ (ECMS), ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) અને મોડિફાઈડ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર્સ (EMC 2.0) સહિતની પહેલો દ્વારા ટેકો મળ્યો છે. આ કાર્યક્રમોનો હેતુ રોકાણ આકર્ષવાનો, સ્થાનિક ઉત્પાદન વધારવાનો, કમ્પોનન્ટ સપ્લાય ચેઈન વિકસાવવાનો અને આયાતી ઈલેક્ટ્રોનિક્સ પર ભારતની નિર્ભરતા ઘટાડવાનો છે. નીતિગત ધ્યાન ધીમે ધીમે ફિનિશ્ડ પ્રોડક્ટ્સને એસેમ્બલ કરવાથી વધીને કમ્પોનન્ટ્સ, સેમિકન્ડક્ટર્સ, ડિઝાઈનિંગ, ટેસ્ટિંગ અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગમાં ક્ષમતાઓ બનાવવાની દિશામાં વિસ્તર્યું છે. પીએલઆઈ યોજનાએ ભારતમાં મોટા ઉત્પાદકો અને વૈશ્વિક ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓને આકર્ષવામાં ખાસ મહત્વની ભૂમિકા ભજવી છે. તેણે કંપનીઓને સ્થાનિક બજાર અને નિકાસ બંને માટે ઉત્પાદન વધારવા પ્રોત્સાહિત કરી છે, સાથે જ મુખ્ય ઉત્પાદન સ્થળોની આસપાસ સપ્લાયર નેટવર્ક સ્થાપિત કરવામાં પણ મદદ કરી છે.

સરકારનો ડેટા દર્શાવે છે કે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન 2014-15માં રૂ. 18,000 કરોડથી વધીને 2025-26માં રૂ. 6.27 લાખ કરોડ થયું છે, જે ઉત્પાદન ક્ષમતા અને આઉટપુટના ઝડપી વિસ્તરણને દર્શાવે છે. ભારતની ઈલેક્ટ્રોનિક્સ નિકાસ વૃદ્ધિમાં મોબાઈલ ફોન મુખ્ય એન્જિન રહ્યા છે. ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો મોબાઈલ ફોન ઉત્પાદક દેશ બનીને ઉભરી આવ્યો છે, જ્યારે મોબાઈલ ફોન નાણાકીય વર્ષ 2014-15માં 153મો સૌથી મોટો નિકાસ સામાન હતો, જે

**ઈકોનોમી ઈન્સાઈડર**


વધીને નાણાકીય વર્ષ 2025-26માં દેશની સૌથી મોટી નિકાસ પ્રોડક્ટ બની ગયો છે. આ સમયગાળા દરમિયાન મોબાઈલ ફોનની નિકાસ 165 ગણી વધીને રૂ. 1,500 કરોડથી રૂ. 2.59 લાખ કરોડ થઈ ગઈ છે. આ વધારો સ્માર્ટફોન એસેમ્બલીના વિસ્તાર, વૈશ્વિક ઉત્પાદકોના આગમન, મજબૂત સપ્લાયર નેટવર્ક અને નિકાસ બેઝ તરીકે ભારતના વધતા ઉપયોગને પ્રતિબિંબિત કરે છે. આ ઉછાળાએ વૈશ્વિક ઈલેક્ટ્રોનિક્સ સપ્લાય ચેઈનમાં ભારતનું સ્થાન પણ બદલી નાખ્યું છે. દેશ હવે માત્ર એક મોટું ઉપભોક્તા બજાર નથી રહ્યો; પરંતુ તે સ્માર્ટફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક સામાન માટે મેન્યુફેક્ચરિંગ અને નિકાસ હબ તરીકે વધુને વધુ સેવા આપી રહ્યો છે. ભારતના ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમમાં હવે મહિલાઓનો હિસ્સો કુલ વર્કફોર્સના લગભગ 30% જેટલો છે. સરકારે આ ઉદ્યોગને સમાવેશી ઔદ્યોગિક વિકાસના ઉદાહરણ તરીકે વર્ણવ્યો છે, જેમાં મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનના વિસ્તરણમાં મહિલાઓ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. સૌથી વધુ ભાગીદારી મોબાઈલ નિર્માણમાં જોવા મળે છે, જ્યાં મહિલાઓ વર્કફોર્સના આશરે 70% હિસ્સો ધરાવે છે. તેમની હાજરીએ ઈલેક્ટ્રોનિક્સ ફેક્ટરીઓને મહિલાઓ માટે ઔપચારિક ઔદ્યોગિક રોજગારીનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત બનાવી છે.

આ ટ્રેન્ડ સુરક્ષિત પરિવહન, હોસ્ટેલ, ચાઈલ્ડકેર, સ્કિલિંગ પ્રોગ્રાન્સ અને વર્કપ્લેસ હેલ્થ એન્ડ સેફ્ટી સિસ્ટમ્સ જેવી સહાયક સુવિધાઓની માંગ પણ ઊભી કરી રહ્યો છે. ભારત જેમ કમ્પોનન્ટ્સ, સેમિકન્ડક્ટર્સ અને ઈલેક્ટ્રોનિક્સ ડિઝાઈનિંગમાં વધુ આધુનિક ક્ષમતાઓ વિકસાવશે, તેમ મહિલાઓ માટે રોજગારીની તકો એસેમ્બલી લાઈનોથી આગળ વધીને ટેકનિકલ, સુપરવાઈઝરી અને એન્જિનિયરિંગ ભૂમિકાઓ સુધી વિસ્તરી શકે છે. મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીએ અલગથી સંકેત આપ્યો છે કે ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગે છેલ્લા એક દાયકામાં લગભગ 25 લાખ નોકરીઓનું સર્જન કર્યું છે, જેમાં મહિલાઓનો હિસ્સો લગભગ 30% જેટલો છે. ઘરઆંગણે પણ ઈલેક્ટ્રોનિક્સ સામાનની માગ વધી છે. મેન્યુફેક્ચરિંગમાં વિસ્તરણ ભારતની ડિજિટલ ઈકોનોમીની ઝડપી વૃદ્ધિની સાથે થઈ રહ્યું છે, જે સરકારી ડેટા અનુસાર હવે જીડીપીમાં 14% સુધીનો હિસ્સો ધરાવે છે. ઈન્ટરનેટ કનેક્ટિવિટીનો તીવ્ર ઝડપે વિસ્તાર થયો છે. ઈન્ટરનેટ સબસ્ક્રાઈબર્સની સંખ્યા 2014માં 25.15 કરોડથી વધીને માર્ચ 2026 સુધીમાં 109.2 કરોડથી વધુ થઈ ગઈ છે, જે આ સમયગાળામાં ચાર ગણાથી પણ વધુ છે. વાયરલેસ ડેટાના દરમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે, જે 2014માં પ્રતિ જીગાબાઈટ રૂ. 308 હતો તે ઘટીને 2026માં પ્રતિ જીગાબાઈટ રૂ. 7.51 થયો છે. ડેટાના નીચા ભાવને કારણે ગ્રાહકો માટે સ્માર્ટફોન, ડિજિટલ પેમેન્ટ્સ, ઓનલાઈન શિક્ષણ, ઈ-કોમર્સ, સ્ટ્રીમિંગ સેવાઓ અને સરકારી પ્લેટફોર્મ્સ વધુ પોસાય તેવા બન્યા છે.

ડિજિટલ એક્સેસના વિસ્તરણે સ્માર્ટફોન, ટેલિકોમ ઈક્વિપમેન્ટ, ક્લાઉડ સર્વિસિસ, ડેટા સેન્ટર્સ અને ડિજિટલ એપ્લિકેશન્સ માટે એક મોટું બજાર પણ ઊભું કર્યું છે. આ ભારતની ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ વ્યૂહરચના અને તેની વ્યાપક ડિજિટલ ઈકોનોમીની વૃદ્ધિ વચ્ચે સીધી કડી પૂરી પાડે છે.

**એક દાયકા જેટલા સમયગાળા દરમિયાન ઈલેક્ટ્રોનિક્સ નિકાસ રૂ. 38,000 કરોડ પરથી વધીને રૂ. 4.24 લાખ કરોડ થઈ ગઈ છે. મોબાઈલ ફોનની નિકાસમાં પણ તીવ્ર વધારો થયો છે, જે રૂ. 2.59 લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે.**

## વિદેશથી અભ્યાસ કરીને પરત ફરતા યુવાનો માટે રોજગારની નવી તકો ઊભી કરવી પડશે



વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે દર વર્ષે મોટી સંખ્યામાં ભારતીય યુવાનો જાય છે. અમેરિકાથી લઈને કેનેડા, બ્રિટન અને અન્ય દેશોમાં અભ્યાસ તથા રોજગારની તકો મેળવવા ગયેલા આ યુવાનોમાંથી એક વર્ગ હવે ભારત પરત ફરવાનો નિર્ણય કરી રહ્યો છે. કેમ કે વિદેશમાં પણ કેટલીક સમસ્યાઓ સર્જાઈ રહી છે, જ્યારે બીજું વિદ્યાર્થીઓ પોતાના દેશમાં જ કારકિર્દી બનાવવા ઈચ્છી રહ્યા હોવાની ઈચ્છા ધરાવે છે. જોકે, પરત ફર્યા બાદ તેમની સામે સૌથી મોટો પ્રશ્ન રોજગાર અને યોગ્ય કારકિર્દીનો ઊભો થાય છે.

તાજેતરના એક સર્વે મુજબ વિદેશમાં અભ્યાસ કર્યા બાદ ભારત પરત ફરવાની ઈચ્છા ધરાવતા યુવાનોની સંખ્યા વધી રહી છે. આ પરિવર્તન પાછળ વિદેશમાં બદલાતી નોકરીની પરિસ્થિતિ, ઊંચો જીવન ખર્ચ, રોજગારની અનિશ્ચિતતા અને બદલાતી ઈમિગ્રેશન નીતિઓ જેવા પરિબળો જવાબદાર છે. બીજી તરફ ભારતની ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા અને સ્ટાર્ટઅપ ક્ષેત્ર પણ યુવાનોને નવી તકો આપી રહ્યા છે.

પરંતુ માત્ર યુવાનોને પરત આવવા માટે પ્રોત્સાહિત કરવાથી સમસ્યાનો ઉકેલ આવશે નહીં. વિદેશથી પરત ફરેલા યુવાનો પાસે આધુનિક ટેક્નોલોજી, સંશોધન, મેનેજમેન્ટ અને આંતરરાષ્ટ્રીય કાર્યપદ્ધતિનો અનુભવ હોય છે. તેમની આ ક્ષમતાનો યોગ્ય ઉપયોગ થાય તે માટે ભારતમાં યોગ્ય નોકરીઓ, સંશોધન ક્ષેત્રો અને

**ઓફ-બીટ**

ઉદ્યોગસાહસિકતા માટેનું વાતાવરણ ઊભું કરવું જરૂરી છે.

ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા સાયન્સ, સાયબર સિક્યુરિટી, સેમિકન્ડક્ટર, બાયોટેકનોલોજી, નાણાકીય ટેક્નોલોજી અને નવી ઊર્જા જેવા ક્ષેત્રોમાં કુશળ યુવાનો માટે મોટા પ્રમાણમાં તકો ઊભી થઈ શકે છે. જો આવા યુવાનોને તેમની લાયકાત પ્રમાણે કામ મળે તો તેઓ માત્ર પોતાની કારકિર્દી જ નહીં, પરંતુ દેશના વિકાસમાં પણ મહત્વનું યોગદાન આપી શકે છે.

સરકાર અને ખાનગી ક્ષેત્રે પણ આ દિશામાં સંકલિત પ્રયાસ કરવાની જરૂર છે. વિદેશથી પરત ફરતા યુવાનો માટે રોજગાર મેળા, સ્કિલ-મેચિંગ પ્લેટફોર્મ, સંશોધન પ્રોજેક્ટ, સ્ટાર્ટઅપ સહાય અને સરળ ધિરાણ જેવી વ્યવસ્થાઓ ઊભી કરી શકાય. યુવાનોને પોતાના વ્યવસાય શરૂ કરવા માટે માર્ગદર્શન અને જરૂરી માળખાકીય સહાય આપવામાં આવે તો રોજગાર શોધનારા યુવાનો રોજગાર સર્જક પણ બની શકે.

વિદેશમાં અભ્યાસ કરીને પરત ફરેલા યુવાનોની અપેક્ષાઓ પણ સામાન્ય નોકરી કરતાં અલગ હોય છે. તેઓ વધુ જવાબદારી, આધુનિક કાર્યસંસ્કૃતિ, યોગ્ય પગાર અને પોતાની ક્ષમતાનો ઉપયોગ કરી શકે તેવી તક ઈચ્છે છે. તેથી પરંપરાગત નોકરીઓ પૂરતી નથી. કંપનીઓએ પણ કાર્યસ્થળની સંસ્કૃતિમાં પરિવર્તન લાવી પ્રતિભાશાળી યુવાનોને લાંબા ગાળે જોડાયેલા રાખવા પડશે.

આ સાથે ભારતના શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રમાં પણ મોટા સુધારાની જરૂર છે. વિદેશમાં મળતી સંશોધન સુવિધાઓ અને ઉદ્યોગ-શૈક્ષણિક સહકાર જેવી તકો ભારતમાં ઉપલબ્ધ થાય તો ઘણા યુવાનો દેશ છોડ્યા વિના પણ વૈશ્વિક સ્તરની કારકિર્દી બનાવી શકે. વિદેશથી પરત ફરેલા યુવાનોને માત્ર રોજગાર આપવાનો પ્રશ્ન નથી, તેમના જ્ઞાન અને આંતરરાષ્ટ્રીય અનુભવને દેશના વિકાસ સાથે જોડવાનો આ અવસર છે. ભારત આજે વિશ્વની ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન બનાવી રહ્યું છે. જો આ પરત ફરતી પ્રતિભાને યોગ્ય દિશા અને તક મળે તો તે દેશની નવી આર્થિક શક્તિ બની શકે છે.

આથી સરકાર, ઉદ્યોગ જગત અને શૈક્ષણિક સંસ્થાઓએ મળીને એવું વાતાવરણ ઊભું કરવું પડશે જ્યાં યુવાનોને ભારતમાં જ વૈશ્વિક સ્તરની કારકિર્દી બનાવવાની તક મળે. વિદેશ ગયેલી પ્રતિભાને પરત લાવવી જેટલું મહત્વનું છે, એટલું જ મહત્વનું છે તેને ભારતમાં રોકી રાખવા યોગ્ય રોજગાર અને વિકાસની તકો ઊભી કરવી.

**વિદેશમાં અભ્યાસ કરીને પરત ફરનારા યુવકોને તેમની કુશળતા અને અનુભવનો યોગ્ય ઉપયોગ ન થાય તો આ પ્રતિભા દેશ માટે પડકાર બની શકે છે**

## USની મોટી કંપનીઓના CEOના પગાર તેમના સામાન્ય કર્મીના પગાર કરતા ઘણો વધારે!



અમેરિકાની કેટલીક મોટી કંપનીઓના સીઈઓઝના ૨૦૨૫ના વર્ષના પગાર, મહેનતાણાના આંકડાઓ હાલમાં બહાર આવ્યા છે તે આંકડાઓ આંખો પહોળી થઈ જાય તેવા છે અને તેમના આ પગાર તેમની જ કંપનીઓના સરેરાશ કર્મચારીઓના પગાર કરતા સેંકડો ગણા વધારે છે. આ મહાકાય પે પેકેજ મેળવનાર કંપની વડાઓમાં કેટલાક ભારતીય મૂળના નામો પણ શામેલ છે અને આ પગાર કરોડો ડોલરમાં જાય છે અને આમ છતાં સૌથી વધુ તગડો પગાર મેળવનાર ઈલોન મસ્કની સામે તો અન્ય સીઈઓઝના પગાર બચુકડા દેખાય છે. કોર્પોરેટ અમેરિકાના સૌથી મોટા બોસીઝને 2025માં માત્ર પગારવધારો જ નથી મળ્યો. તેમાંથી કેટલાક એટલી સંપત્તિ લઈને બહાર આવ્યા કે જેને કમાવવામાં સામાન્ય અમેરિકન કર્મચારીને હજારો અને કોઈ કિસ્સામાં તો લાખો વર્ષ લાગી જાય.

AFL-CIOના 2026 ના 'એક્ઝિક્યુટિવ પેવોચ' રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે S|P 500 કંપનીઓના CEOs એ 2025માં સરેરાશ આશરે 2.28 કરોડનું મહેનતાણુ મેળવ્યું હતું, જે અગાઉના વર્ષ કરતા 21% વધુ છે. આ સાથે સરેરાશ સીઈઓનો પગાર અમેરિકાના સરેરાશ કર્મચારી કરતા 312 ગણો થઈ ગયો છે, જે 2024 માં 285 ગણો હતો. જોકે, આ સરેરાશ આંકડો વાર્તાનો માત્ર એક ભાગ જ કહે છે. સૌથી ટોચના સ્તરે, CEOનું વળતર એક અલગ જ ઊંચાઈએ પહોંચી ગયું છે. કોઈ પણ સીઈઓ ટેસ્લાના વડા

**ગ્લોબલ બઝ**

ઈલોન મસ્કની નજીક પણ પહોંચી શક્યા નથી. તેમના 2025 ના વળતર પેકેજનું મૂલ્ય ચોંકાવનારું 158.36 અબજ ડોલર હતું. આ આંકડો એટલો મોટો હતો કે AFL-CIO એ સમગ્ર ચિત્રને બગાડતું અટકાવવા માટે S|P 500 CEO ના સરેરાશ પગારની ગણતરીમાંથી તેને બાદ કરી દીધો હતો. મસ્કનું આ પેકેજ ટેસ્લાના સરેરાશ કર્મચારીના પગાર કરતાં 25 લાખ ગણાથી વધુ હતું. આ પેકેજે તેમને આ વર્ષે ટ્રિલિયોનેર બનવામાં પણ મદદ કરી. મસ્ક અને બાકીના કોર્પોરેટ દિગ્ગજો વચ્ચેનું અંતર આશ્ચર્યજનક છે. આ યાદીમાં બીજું નામ વેલટાવરના સીઈઓ શંખ મિત્રાનું છે, જેમને આશરે $821.1 મિલિયન મળ્યા હતા. કોઈ પણ પરંપરાગત માપદંડ મુજબ આ રકમ ખૂબ મોટી છે, પરંતુ મસ્કની કમાણી સામે તે ખૂબ નાની લાગે છે. વેલટાવરના સીઈઓ શંખ મિત્રા 2025 માં આશરે 821.1 મિલિયન ડોલરના વળતર સાથે આ યાદીમાં બીજા સૌથી વધુ કમાણી કરનારા ચીફ એક્ઝિક્યુટિવ તરીકે ઉભરી આવ્યા હતા. ઓપનડોર ટેક્નોલોજીસના સીઈઓ કાઝ નેજાતિયન આશરે $741.1 મિલિયનની કમાણી સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા. તેમનું વળતર S|P 500 CEO દ્વારા કમાવાયેલા સરેરાશ $22.8 મિલિયન કરતાં 32 ગણાથી વધુ છે. આ એ પણ દર્શાવે છે કે સૌથી વધુ વેતન મેળવતા એક્ઝિક્યુટિવ્સ કોર્પોરેટ દિગ્ગજોના ઊંચા વળતર કરતાં પણ કેટલા આગળ છે.

વેફેરના સીઈઓ નિરજ શાહને 2025 માં આશરે $280.8 મિલિયન મળ્યા, જેનાથી તેઓ ડેટામાં દર્શાવવામાં આવેલા સીઈઓમાં ચોથા ક્રમે રહ્યા. સમિટ થેરાપ્યુટિક્સના સીઈઓ મહકમ ઝંગાનેહ 2025 માં આશરે $246 મિલિયન કમાયા. આ સ્તરે, એક્ઝિક્યુટિવ વળતર એ માત્ર કર્મચારીના વાર્ષિક પગારના અમુક ગણા કમાવા સુધી સીમિત નથી રહ્યું. એક જ વર્ષનો પગાર એવા સ્તરે પહોંચી શકે છે જે કર્મચારીઓ માટે અકલ્પનીય છે, જેમના વેતનમાં ધીમે-ધીમે વધારો થાય છે. વીવા સિસ્ટમ્સના સીઈઓ પીટર ગેસનરને આશરે $172.4 મિલિયન મળ્યા, જેનાથી તેઓ યાદીમાં છઠ્ઠા સ્થાને રહ્યા. ડેટા અનુસાર, રોઈવન્ટ સાયન્સિસના સીઈઓ મેથ્યુ ગ્લાઈનને આશરે $163.3 મિલિયન મળ્યા, જે તેમને સાતમા સ્થાને મૂકે છે. આ આંકડા અમેરિકામાં આવકની વહેંચણી અંગે વધતી જતી ચિંતા વચ્ચે આવ્યા છે. AFL-CIO ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રીય આવકમાં કર્મચારીઓનો હિસ્સો બીજા વિશ્વયુદ્ધ પછીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. રુબ્રિકના સીઈઓ બિપુલ સિન્હાને 2025 માં આશરે $140 મિલિયન મળ્યા, જે તેમને આ યાદીમાં આઠમા સૌથી વધુ પગાર મેળવનાર સીઈઓ બનાવે છે. સર્વિસટાઈટનના સીઈઓ આરા મહદેશિયનને 2025 માં આશરે $133.4 મિલિયન મળ્યા હતા. તેમનું વળતર સરેરાશ S|P 500 CEO પેકેજ કરતાં લગભગ છ ગણું હતું, જે દર્શાવે છે કે સામાન્ય કોર્પોરેટ વડાથી લઈને સૌથી વધુ કમાણી કરનારાઓ તરફ આગળ વધતાં આ તફાવત કેટલો મોટો થઈ જાય છે. બ્લેકસ્ટોનના સીઈઓ સ્ટીફન શ્વાર્ઝમેનને 2025 માં આશરે $125.6 મિલિયન મળ્યા હતા.

ટોચના સ્તરે આવેલા આ અસાધારણ આંકડા એવા સમયે આવ્યા છે જ્યારે અમેરિકન કર્મચારીઓ એક સાવ અલગ આર્થિક વાસ્તવિકતાનો સામનો કરી રહ્યા છે. AFL-CIO અનુસાર, 37% પુખ્ત વયના લોકો પાસે 400 ડોલરના કટોકટીના ખર્ચને પહોંચી વળવા માટે પૂરતી રોકડ નહોતી, જ્યારે 23% ભાડૂતો અગાઉના વર્ષ દરમિયાન ભાડું ચૂકવવામાં પાછળ રહી ગયા હતા. એમેઝોન, ડોલર ટ્રી, ફેડએક્સ, મેકડોનાલ્ડ્સ અને વોલમાર્ટ જેવી કંપનીઓના કર્મચારીઓ પણ મેડિકેડ અને સ્નેપ જેવા જાહેર સહાય કાર્યક્રમોનો ઉપયોગ કરનારાઓમાં અગ્રેસર હતા.

**AFL-CIOના 2026 ના 'એક્ઝિક્યુટિવ પેવોચ' રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે S&P 500 કંપનીઓના CEOs એ 2025માં સરેરાશ આશરે 2.28 કરોડનું મહેનતાણુ મેળવ્યું હતું, જે અગાઉના વર્ષ કરતા 21% વધુ છે. આ સાથે સરેરાશ સીઈઓનો પગાર અમેરિકાના સરેરાશ કર્મચારી કરતા 312 ગણો થઈ ગયો છે, જે 2024 માં 285 ગણો હતો.**